# દારૂ ભરેલી આયશર ઝડપાઈ ૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત

## દારૂનો જથ્થો ભરેલી ટ્રક રાજસ્થાનથી ગાંધીધામ લઈ જવાતો હતો : રસ્તામાં થરાદ પાસે પોલીસે ટ્રક પકડી પાડી

ડીસા, તા. ૨૪

સરહદી બનાસકાંઠા જિલ્લાને અડીને આવેલ રાજસ્થાનમાંથી મોટા પાયે વિદેશી દારૂનો ગુજરાતમાં સપ્લાય થઈ રહ્યો છે. જેમાં બુટલેગરો સુધી સેટીંગ કરી દારૂની લાઈનો ચલાવી રહ્યા છે. ત્યારે બેરોકટોક ગુજરાતમાં ઘુસતા વિદેશી દારૂને ભુજની આર.આર.સેલે ગુરૂવાર સાંજે અડધા કરોડની કિંમતના વિદેશી દારૂ સાથે ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. દારૂનો આવડો મોટો જથ્થો ઝડપાઈ જતાં દારૂનો ધંધો કરતા બુટલેગરોમાં ફફળાટ ફેલાઈ જવા પામ્યો છે. જો કે ઝડપાયેલ દારૂની તપાસ થરાદ પોલીસને સોંપવામાં આવી છે. પોલીસે આ જથ્થો ક્યાંથી ક્યાં લઈ જવાતો હતો તેની તપાસ માટે ઝડપાયેલા ઈસમના સાત દિવસના રિમાન્ડ લેતા ડ્રાયવર મોં ખોલશે તો ગુજરાતના કેટલાક મોટા બુટલેગરોના નામ બહાર આવવાની સંભાવના સેવાઈ રહી છે.

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ રસ્તાઓ પર અવાર-નવાર નશીલા પદાર્થોની મોટાપાયે હેરાફેરી થાય છે. પરંતુ પોલીસ તંત્રની મિલીભગતના કારણે આવી પ્રવૃત્તિઓ વેગ પકડે છે. જો કે કેટલીકવાર પોલીસ કડક હાથે કામ લે છે ત્યારે આવી પ્રવૃત્તિનો પર્દાફાશ થતો હોય છે. ભુજની આર.આર.સેલની ટીમે ગુરૂવારની સાંજે ખાનગી બાતમીના આધારે થરાદ ચાર રસ્તા પાસેથી પસાર થતી આયશર મિની ટ્રકનો પીછો કર્યો હતો. ટ્રકના ડ્રાયવરે ટ્રક ડીસા તરફ હંકારી મુકતા લુણાવા પાસે રોડ પરથી ગાડી નીચે ઉતરી ગઈ હતી. પોલીસે તેને ઝડપી પાડી ક્રેન દ્વારા બહાર કાઢી પોલીસમથકે લઈ જતાં અંદરથી વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રકના ચાલકની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. આ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનના રાજુ બિષ્નોઈ નામના બુટલેગરને ત્યાંથી ગાંધીધામ ખાતે ઉતારવાનો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. રિમાન્ડ દરમિયાન ટ્રક ડ્રાઈવર જો મોં ખોલે તો ગુજરાતના મોટા બુટલેગરોના નામ બહાર આવવાની સંભાવના છે. જો કે આ મામલે થરાદ પોલીસ મોટો પર્દાફાશ કરે તેવું જણાઈ રહ્યું છે.

# ડીસાનો કુખ્યાત શેટ્ટી સહિત ત્રણ અસામાજીક તત્વોને તડીપાર કરાયા

ડીસા, તા. ૨૪

ડીસા શહેર તથા તાલુકામાં આમ જનતા શાંતિથી રહી શકે અને જાનમાલની સલામતી સચવાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે ગત વિધાનસભાની ચૂંટણી અગાઉ ડીસાના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા ડીસા શહેર અને તાલુકાના પોલીસ મથકોમાં બે-ત્રણથી વધુ પ્રોહીબીશન, મારામારી, ચોરી, રાયોટીંગના ગુનાઓમાં સંડોવાયેલા શખ્સો સામે 'પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટિવીટી એક્ટ' (પાસા) અંતર્ગત કાર્યવાહી હાથ ધરી ૨૦ જેટલા શખ્સોને તડીપાર કરવાનો આદેશ કર્યો હતો. ત્યારે ફરી એક વખત ડીસાના એસ.ડી.એમ. બી.કે. પટેલે ડીશા શહેર પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહીબીશન અને ઘરફોડ ચોરીના જુદા જુદા ૧૨ ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત બુટલેગર સુખદેવ ઉર્ફે શેટ્ટી દઝુજી ઠાકોર (રહે, નવાવાસ, જૂની પોલીસ લાઈન પાસે, ડીસા)ને બે વર્ષ માટે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, કચ્છ-ભૂજ, ગાંધીનગર અને અમદાવાદ એમ સાત જિલ્લાની હદમાંથી તડીપાર કરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત ડીસા શહેર અને તાલુકામાં પ્રોહીબીશનના સાત ગુનામાં સંડોવાયેલા પરથીજી લાલાજી ઠાકોર (રહે, રબારી ટેકરા, ડીસા) તેમજ પ્રહલાદસિંગ રામસિંગ વાઘેલા (રહે. ભડથ) સામે પણ તડીપારનો આદેશ કરી બે વર્ષ માટે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને કચ્છ-ભૂજ જિલ્લાની હદમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ધનસુરા ભાજપ દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ધનસુરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના સંગઠન પ્રમુખ અનિલભાઈ પટેલના જણાવ્યાનુસાર ધનસુરા તાલુકા ભાજપ દ્વારા ૨૩મીને શુક્રવારના રોજ સાર્વજનિક હોસ્પિટલ, ધનસુરા ખાતે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. આ નિઃશુલ્ક કેમ્પમાં તાલુકાના દર્દીઓને લાભ લેવા જણાવેલ છે. આ કેમ્પમાં સાબરકાંઠા જિલ્લાના ડૉકટર સેલના કન્વીનર ડૉ. રાજુભાઈ નાયક સહ કન્વીનર ડૉ. શિરીષભાઈ શાહ, તાલુકા કન્વીનર ડૉ. ભરત શાહ સહ કન્વીનર જગદીશભાઈ પટેલ સાથે અન્ય ડોકટરો સેવા આપનાર છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



## પાલનપુરમાં શ્રાવણિયો જુગાર રમતાં દસ શકુનીઓ પકડાયા

પાલનપુરમાં હાલમાં શ્રાવણીયો જુગાર રમનારાઓની મોસમ પૂરબહારમા ખીલી છે. ત્યારે પૂર્વ શહેર પોલીસે માનસરોવર રોડ પર નવલખા ફ્લેટ નં. ૨૦૭ માં જુગાર રમતા ૧૦ શકુનિઓને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર ઉપરોક્ત સ્થળે કેટલાક લોકો ફ્લેટ (ઘર)મા જુગાર રમી રહ્યાની ચોક્કસ બાતમીને આધારે પ્રો. ડી.વાય.એસ.પી. મનોહરસિંહ જાડેજા અને તેમની ટીમે વહેલી સવારે રેડ કરતા ગંજીપાના રોકડ રૂ. ૪૭,૨૩૦ નવ મોબાઈલ ફોન, ૩ એકટીવા સહીત કુલ રૂ. ૧,૯૨,૭૩૦ના મુદ્દામાલ સાથે ૧૦ જુગારીઆઓને ઝડપી લીધા હતા. જુગાર રમતા ઝડપાયેલાઓમાં જયદીપ શિશુપાલ કચોરીયા, જતીન સુરેશભાઈ કેલા, દિપક મગનભાઈ કેલા, કમલેશ ધરમદાસ કેલા, યશેષ ભરતભાઈ કેલા, યોગેશ અર્જુનભાઈ મહેશ્વરી, રાજેશ હરિશચંદ્ર મહેશ્વરી, ધર્મેન્દ્ર મહાદેવભાઈ કચોરીયા, જીજ્ઞેશ નંદલાલ કચોરીયા, અર્જુન ભેરૂભાઈ કચોરીયા સામે જુગાર ધારા મુજબ ગુનો નોંધી અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરાયાનું જાણવા મળેલ છે.

# તલોદની પ્રાથમિક શાળામાં નબળી આર્થિક સ્થિતિનાં વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત

તલોદની પ્રાથમિક શાળામાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં બક્ષીપંચ અને અનુસૂચિત વિદ્યાર્થીઓ ઘણી જ મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલી રકમથી શિષ્યવૃત્તિ દર વર્ષે ચુકવાતી હોય છે. જે હાલ છેલ્લા પાંચ માસથી શિક્ષકોની બેદરકારીથી ધૂળ ખાઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા તલોદમાં થયેલો પ્રવેશોત્સવ વખતે આપેલા ચેકો પણ વિદ્યાર્થીઓ પાસેથી પરત લઈ લેવામાં આવ્યા છે જે અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા પૂછતાછ કરતાં તંત્ર દ્વારા ગલ્લા-તલ્લા કરતાં શિષ્યવૃત્તિ ધારકોમાં રોષ જોવા મળ્યો છે.

તલોદમાં પ્રાથમિક શાળાના નવા સત્ર શુભારંભ વખતે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ પ્રવેશોત્સવ જુન માસમાં ખાદી ગ્રામોઉદ્યોગના ચેરમેન વાડીભાઈ પટેલ હસ્તે યોજવામાં આવ્યો હતો. જેના શિક્ષણ ખાતાનાં અગ્રણીઓ, નગરજનો અને ભા.જ.પ.ના ઉચ્ચ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બક્ષીપંચ માટે રૂા. ૧૫૦/- અને અનુસુચિતના વિદ્યાર્થીઓ માટે ૭૫૦/- રૂા.ની રકમ સરકાર દ્વારા નિર્ધારિત કરેલ શિષ્યવૃત્તિની રકમના ચેકો મહાનુભાવો હસ્તે અપાયા હતા. જે શિક્ષણગણે અમો વટાવી આપીશું તેમ કહી પરત લઈ લીધા હતા. જેને પાંચ માસના લાંબા સમયગાળે નબળી આર્થિક સ્થિતિના બાળકોએ શાળા, આચાર્યને પુછતાં તેઓએ બેંકમાં ખાતું ખોલાવવાનો આગ્રહ રાખ્યો હતો. નવા સત્રમાં મળનારી શિષ્યવૃત્તિ માટે શાળાની સૂચના મુજબ વાલી ગણે રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતા ખોલવા માટેનાં દસ્તાવેજો શાળાના આચાર્યને સુપ્રત કરી દીધા હતા. જેમાં આચાર્યએ આજદિન સુખી બેંકમાં ખાતા ખોલવાની કાર્યવાહી અંગે વાલીઓને અજાણ રાખી. જયારે શિષ્યવૃત્તિ અંગે પૂછતાછ કરતાં બેંકમાં ખાતા માટે આગ્રહ રાખી રહ્યા છે. જેથી શાળાની કથળતી કાર્યપદ્ધતિ સામે વાલીગણમાં સખત નારાજગી વર્તાઈ છે અને સત્વરે શિષ્યવૃત્તિ ચુકવાય તે અંગે ઉચ્ચ કક્ષાએથી પગલા લેવાય તેવું વિદ્યાર્થી અને વાલીગણ ઈચ્છી રહ્યા છે.

## પ્રાંતિજના મેમદપુરથી સાત જુગારી ઝડપાયા

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ તાલુકાના મેમદપુર ગામે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પોલીસને મળતા પોલીસે રેડ પાડી ૭ જુગારીયાઓને ઝડપી પાડી કુલ રૂ. ૫૬૮૦નો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજના મેમદપુર ગામે ચોરા વચ્ચે જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી પ્રાંતિજ પોલીસને મળતા પોલીસે મેમદપુર ગામે રેડ પાડી તીન પત્તીનો જુગાર રમતા હસમુખ વલ્લભભાઈ પટેલ, રાસલોડ, પુનિત મનસુખભાઈ પટેલ, અનવરપુરા, આદરસિંહ ચંદુસિંહ મકવાણા મેમદપુર, કુબેર છગનભાઈ પટેલ મેમદપુર, રમણ કોદરભાઈ પટેલ મેમદપુર, ભાતુથી બાલુજી મકવાણા, કમલેશ બબાજી મકવાણાને જુગાર રમવાના સાહિત્ય સહિત રૂ. ૫૬૮૦ ના મુદ્દામાલ સાથે ૭ જુગારીઓને ઝડપી પાડી જુગાર ધારાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે અન્ય એક જુગારી કલ્પેશ મંગાજી મકવાણા પોલીસથી બચીને ભાગી છુટવામાં શફળ થયો હતો.

# તલોદ માર્કેટ યાર્ડમાં ગેરકાયદેસર બાંધકામ ટોક ઓફ ધ ટાઉન

તલોદ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેના માર્કેટયાર્ડ કેમ્પસની કેટલીક દુકાનોના બહારના માર્જીનમાં ચાલી રહેલા કથિત ગેરકાયદેસર બાંધકામની બાબત 'ટૉક ઓફ ધી ટાઉન' બની છે. અહિં ૭ દુકાનોના કબજેદારોએ આ બાંધકામ કર્યુ હોવાનું અને તે થકી તેના ઉપરના મજલે આવેલ દુકાનોના કબજેદારોને નુકશાન અને અન્યાય થતો હોવાની રાવ ઉઠવા પામી છે. આ બાંધકામ સામે તલોદ માર્કેટ સમિતિએ અને તલોદ નગરપાલિકાએ પણ લાલબત્તી ધરી મનાઈહૂકમ બજાવી દઈને બાંધકામ અટકાવવાની ધોરણસરની કાર્યવાહી કરી હતી. જે દુકાનો આગળના ભાગમાં ચાલતા બાંધકામના ધાબા ભરાઈ ગયા છે.

આ સમસ્ય સંદર્ભ આપદાનો ભોગ બનેલા મનાતા ઉક્ત બાંધકામના ઉપલા મજલાના દુકાન નં. ૧૧૮ થી ૧૨૪ ના ૭ કબજેદારોએ માર્કેટ સમિતિ, જિલ્લા કલેકટર અને મુખ્યમંત્રી સુધીનાઓને લેખીત અરજી કરીને બાંધકામ મૂળ સ્થિતિમાં હતુ તે સ્થિતિમાં પૂર્વવત કરાવી દેવા માંગ કરી છે. જે બાંધકામ તલોદ માર્કેટયાર્ડ કેમ્પસના તલોદ-મોડાસા રોડ ઉપર આવેલ દુકાન નં. ૧૨ થી ૧૮ના કબજેદારોએ કરેલ છે. આ બાંધકામ ચાલતુ હોવાની ફરિયાદ મળતાં જ તલોદ માર્કેટ સમિતિએ તા. ૭-૮-૨૦૧૩ના રોજ ૭ વેપારીઓને નોટિસ આપી બજાર સમિતિની પૂર્વ મંજૂરી સિવાય બાંધકામ નહિ કરવા મનાઈ ફરમાવેલ અને જો મંજૂરી સિવાય બાંધકામ કરવામાં આવશે તો જે તે ગે.કા. બાંધકામ વેપારીના ખર્ચે અને જોખમે તે દૂર કરવામાં આવશે તેવી લેખીત ચિમકી પણ આપી હતી.

બાદ પણ કામ ચાલુ હોવાનું જોતાં ઉપલા મજલાના ૭ કબજેદાર વેપારીઓએ તલોદ નગર પાલિકાને લેખીત અરજ કરતા પાલિકાના મુખ્ય અધિકારીએ તા. ૧૩-૮-૧૩ના રોજ માર્કેટ સમિતિના ચેરમેનને ઉદ્દેશીને મનાઈહૂકમ આપ્યો હતો અને પરવાનગી વિનાનું થતું બાંધકામ તાકિદે બંધ કરી દેવા જણાવ્યું હતું. જેના પ્રત્યુત્તરમાં તા. ૧૪-૮-૧૩ના રોજ માર્કેટ સમિતિએ તલોદ ન.પા.ને જણાવેલ કે સમિતિની કચેરી દ્વારા કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવેલ નથી અને તેવા કૃત્ય માટે જવાબદાર સામે સમિતિ શિક્ષાત્મક પગલા લેશે. આમ કર્યા બાદ નગરપાલિકાના મનાઈહૂકમ અન્વયે તમામ બાંધકામ કર્તાઓને માર્કેટ સમિતિએ તા. ૧૪-૮-૧૩ના રોજ પુનઃ વ્યક્તિગત લેખીત નોટીસ આપી પાલિકાના મનાઈહૂકમની નકલ પણ આપીને પાલિકાના મનાઈહૂકમ પ્રમાણે અમલ નહિ કરનારને શિરે વ્યક્તિગત જવાબદારી રહેશે તેમ પણ ચિમકી આપી હતી.

રોડ સાઈડની માર્જીનની જમીનમાં ગે.કા. પાકા બાંધકામો કરી દેવાથી અને ઉપરના મજલાના કબજેદારોને પોતાનો હક્ક નહિ મળવાથી અહિં 'હક્કની લડાઈ'નો જાણે કે જંગ જામ્યો છે. જેમાં રાજરમત પણ ખેલાતી હોવાનું ચર્ચામાં રહ્યું છે. મનાઈહુકમ દરમ્યાન પણ બાંધકામ ચાલુ રહ્યુ હોવાનો દાવો કરીને તે બાંધકામ જે તે તંત્રની રહેમ નજર હેઠળ થતુ હોવાનો પણ દાવો થઈ રહ્યો છે. અત્રે એ નોંધનીય છે કે, અહિં સને ૧૯૯૭ આસપાસના ગાળામાં પણ વ્યાપક પ્રમાણમાં બાંધકામ થયેલ છે જેને પણ સરવાળે આ તકરારની અસર થશે તેમ ભાસી રહ્યું છે. જે જરૂરી પણ લેખાય છે.

હાલ પડેલી તકરારમાં થયેલા બાંધકામના ઉપલા મજલાવાળા વેપારીઓની તકરાર પોતાના સ્વહિત સંદર્ભની જ માત્ર છે. જો નીચેની દુકાનવાળાઓને બાંધકામની છૂટછાટ મળે તો, તેઓને કેમ નહી ? તેવા સવાલો તેઓ કરી રહ્યા છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે, અહિ 'ઘો ના પાપે પીપળો બળે' તેવી સ્થિતિનું નિર્માણ થશે કે સામ, દામ, દંડ, ભેદની નીતિરીતિ અન્વયે 'ઘીના ઠામમાં ઘી ઠરી જશે' ?

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન શું કહે છે ?

માર્કેટ સમિતિના કેમ્પસમાં ઉભા થયેલા આ વિવાદી મામલા સંદર્ભે માર્કેટ સમિતિના ચેરમેન નરેન્દ્ર પટેલને પૂછતાછ કરતાં ચેરમેને કહ્યું હતું કે, અનઅધિકૃત બાંધકામની ફરિયાદ તા. ૭-૮-૧૩ના રોજ મળતાં તેજ દિવસે દુકાન નં. ૧૧૮ થી ૧૨૪નાઓને નોટીસ આપી મનાઈ ફરમાવવામાં આવેલ. બાદ તા. ૧૩-૮-૧૩ના રોજ તલોદ નગર પાલિકાના મનાઈહૂકમની પણ નકલ ઉક્ત વેપારીઓને તા. ૧૪-૮-૧૩ના રોજ બજવણી કરવામાં આવી હતી. અનઅધિકૃત બાંધકામ સંદર્ભે માર્કેટ સમિતિના ચેરમેન નરેન્દ્ર પટેલે ભારપૂર્વક કહ્યું હતું કે, માર્કેટ સમિતિના કેમ્પસમાં અનઅધિકૃત રીતે બંધાતા અને બંધાઈ ગયેલા એવા 'નવા-જૂના' તમામ ગે.કા. બાંધકામને ધોરણસરની કાર્યવાહી કરીને તોડી પાડવામાં આવશે જે અંગેનો નિર્ણય પણ થઈ ચૂક્યો છે. માર્કેટ સમિતિએ ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપેલા શોપ કે ગોડાઉનના નિયત મુજબના બંધાયેલા અને વેપારીને સોપેલા બાંધકામ સિવાયના નવા જુના તમામ અનઅધિકૃત બાંધકામને તોડી પાડી ઉદાહરણરૂપ કાર્યવાહી કરવાનું નક્કી કરેલ છે. કેટલાક વેપારીઓ ઈમ્પેક્ટ ફી યોજનામાં અરજી કરી ચૂક્યા છે. જેનો નીકાલ થતાં જ કાયદેસર ડિમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જો કે આ નિર્ણયનો અમલ લાગતા વળગતાઓ કરવા દેશે કે કેમ ? તે સમયની વાત છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૬૭૦ |
| એરંડા | ૬૭૭ | ૬૮૯ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૫ |
| બાજરી | ૨૨૦ | ૩૦૪ |
| ગવાર | ૮૧૬ | ૧૦૩૫ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૩ |

| સલાલ | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |
| મગફળી | ૬૦૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૦ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૩૧૦ | ૩૪૨ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| ગવાર | ૮૦૦ | ૧૦૦૦ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૧ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૦ |
| મકાઈ | ૨૮૭ | ૨૯૨ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૬૭૦ | ૬૯૫ |
| બાજરી | ૨૫૦ | ૨૯૧ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| ગવાર | ૮૩૫ | ૧૦૩૦ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૩૧૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૮ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |
| ગવાર | ૮૫૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૦ |
| જુવાર | ૨૬૦ | ૩૭૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૫ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૫૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૦ |
| ગવાર | ૮૪૦ | ૯૯૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૨૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૫ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૫૩૦ | ૬૪૦ |
| એરંડા | ૬૯૦ | ૭૦૨ |
| ઘઉં | ૩૧૩ | ૩૮૨ |
| બાજરી | ૨૫૦ | ૨૮૨ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૦ |
| ગવાર | ૯૦૦ | ૧૦૨૪ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૧૯ |
| ડાંગર | ૨૬૦ | ૩૦૦ |
| બાજરી | ૨૨૬ | ૨૪૪ |
| ગવાર | ૭૯૮ | ૧૦૧૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૫ |
| રાયડો | ૫૯૪ | ૫૯૫ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| જવ | ૨૫૦ | ૨૮૦ |
| રાયડો | ૬૦૭ | ૬૨૪ |
| એરંડા | ૬૬૦ | ૭૧૦ |
| ગવાર | ૭૭૧ | ૧૦૩૩ |
| ઘઉં | ૩૦૯ | ૩૫૪ |
| બાજરી | ૨૦૦ | ૨૯૦ |
| જુવાર | ૨૫૦ | ૭૫૭ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૬૫ |
| બાજરી | ૨૦૦ | ૩૦૭ |
| રાયડો | ૫૫૦ | ૬૧૧ |
| એરંડા | ૬૯૦ | ૭૧૨ |
| જુવાર | ૨૦૦ | ૭૬૦ |
| તલ | ૧૮૦૦ | - |
| જવ | ૨૬૫ | ૨૬૭ |
| ગવાર | ૭૬૫ | ૧૦૩૨ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૫૯૫ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૪૪ |
| જીરૂ | ૨૨૨૨ | ૨૩૫૩ |
| રાયડો | ૫૭૦ | ૬૧૦ |
| મેથી | ૪૯૬ | - |
| સવા | ૫૭૫ | ૬૪૯ |
| બાજરી | ૨૨૫ | ૩૦૦ |
| એરંડા | ૬૭૮ | ૬૯૫ |
| અજમો | ૬૯૬ | ૭૯૧ |
| ગવાર | ૮૦૦ | ૧૦૧૭ |
| બંટી | ૩૭૦ | - |
| રજકાબી | ૧૩૦૦ | ૨૮૦૧ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૨૦ |
| બાજરી | ૨૪૨ | ૨૭૨ |
| રાયડો | ૬૦૮ | ૬૧૮ |
| એરંડા | ૬૮૨ | ૬૮૭ |

| હારીજ | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૫૩ |
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૫૦ |
| બાજરી | ૨૧૦ | ૨૫૯ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૧ |
| ગવાર | ૮૫૦ | ૧૦૫૦ |
| અડદ | ૩૫૦ | ૬૩૫ |
| ચણા | ૫૫૦ | ૬૮૩ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૫૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૫ |
| ગવાર | ૯૦૦ | ૧૦૦૦ |

| ઉંઝા | | |
|---|---|---|
| અસાળીયો | ૭૧૧ | - |
| જીરૂ | ૨૧૫૧ | ૨૭૧૦ |
| વરીયાળી | ૮૮૦ | ૧૭૮૦ |
| ઈસબગુલ | ૧૦૯૫ | ૧૨૯૫ |
| સરસવ | ૬૦૫ | ૬૪૧ |
| રાયડો | ૫૨૫ | ૬૮૮ |
| મેથી | ૫૪૧ | - |
| તલ | ૧૬૫૦ | ૨૩૨૫ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૫૦ | ૨૩૦ |
| બટાટા ડીસા | ૨૦૦ | ૨૬૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦૦ | ૮૫૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૭૫૦ | ૯૦૦ |
| રીંગણ | ૨૦૦ | ૪૦૦ |
| રવૈયા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફુલાવર | ૨૪૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૩૬૦ |
| દૂધી | ૧૬૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૯૦૦ |
| મરચાં દેશી | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૪૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| મરચા ધોલાર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૫૦ |
| ભીંડા | ૨૦૦ | ૩૦૦ |
| ગવાર | ૩૦૦ | ૬૦૦ |
| ચોળી | ૨૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૨૦ | ૨૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન